## સંક્ષિપ્ત સમાચાર

### કીમ ચાર રસ્તા પરથી બાઇક ચોરાઈ

હથોડા: પાલોદ પોલીસ ચોકીના પાછળના ભાગે કીમ રોડની સાઇડમાં બાઇક પાર્ક કરીને નજીકમાં બજારમાં મોટા બોરસરાના નવાપરાનો રહીશ રમણ મેઘા બારિયા ખરીદી કરવા ગયો હતો. એ વેળા તેનની જીજે 17 બીએલ 1309 નંબરની બાઇક કોઈ અજાણ્યો ચોરી કરી ગયો હતો.

### કડોદરામાં યુવતી ગુમ થતાં ફરિયાદ

પલસાણા : કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં 18 વર્ષીય યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાઈ છે. હાલ કડોદરાના લક્ષ્મીનગર ગ્રીન સિટીમાં રહેતી અને મૂળ બિહારના દરભંગાની પલ્લવીકુમારી અશોક મિશ્રા (ઉં.વ.18) નામની આ યુવતી 16 નવેમ્બરે સાંજે ઘરની નજીકની દુકાને જવાનું કહીને નીકળી હતી અને હજુ સુધી પરત ફરી નથી. યુવતી પાતળા બાંધાની અને ગોરો વર્ણ ધરાવે છે.

### કડોદરામાં 42 વર્ષીય વ્યક્તિનું ગભરામણ બાદ અચાનક મોત

પલસાણા : કડોદરા ખાતે આવેલી મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા 42 વર્ષીય સુરેશ રાજેન્દ્ર યાદવનું છાતીમાં ગભરામણ થવાના કારણે મોત થયું હતું.મંગળવારે સવારે આઠ વાગ્યાની આસપાસ સુરેશભાઈને અચાનક છાતીમાં ધબકારા વધવા લાગ્યા હતા અને ગભરામણ થઈ હતી. આથી તેમને તાત્કાલિક કડોદરા મોદી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે આ અંગે અકસ્માત મોતની નોંધ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### અંત્રોલીના શાંતિવન હોમ્સમાં રહેતા આધેડે ઝેર પી જીવન ટૂંકાવ્યું

પલસાણા: કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા શાંતિવન હોમ્સમાં રહેતા 55 વર્ષીય દીપક કરમસિંગ ઇટાલિયાએ અનાજમાં નાંખવાની ઝેરી દવા આત્મહત્યા કરી લીધી હતી. લોન પર લીધેલા ફ્લેટના હપ્તા ભરી નહીં શકતાં તેમણે આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. મંગળવારે બપોરે સાડા ચાર વાગ્યાના સુમારે દીપકભાઇએ પોતાના ઘરની નજીકના પાર્કિંગમાં અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લીધી હતી. આથી તાત્કાલિક તેમને સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે આ અંગે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કડોદરાના મેવાડા ભવનમાં ગેરકાયદે ગેસ રિફિલિંગનું નેટવર્ક ઝડપાયું

પલસાણા: સુરત જિલ્લા એસઓજી ટીમના સભ્યો પેટ્રોલિંગમાં હતા. દરમિયાન પોલીસને માહિતી મળી હતી કે, કડોદરા મેવાડા ભવન ખાતે આવેલી લક્ષ્મીનગર સોસાયટીમાં સંભવ સુધીરકુમાર ઝા (ઉં.વ.32) તેમની દુકાનમાં કોમર્શિયલ ડોમેસ્ટિક ગેસના બાટલાઓમાંથી ગેરકાયદે રીતે રિફિલિંગ કરે છે. સ્થળ પર અગ્નિશામક સાધન રાખ્યા ન હોય, ફાયર સેફ્ટીનું પણ ઉલ્લંઘન કરાતું હોવાથી એસઓજીની ટીમે દરોડા પાડી સ્થળ ઉપરથી મોટા પ્રમાણમાં મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપી વિરુદ્ધ કડોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### માંકડખાડા ગામના યુવાનને સાપ કરડ્યો

રાજપીપળા: ગરુડેશ્વરના માંકડખાડા ગામમાં એક યુવાનને સાપ કરડી ગયા બાદ સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયો હતો. મુરેશ સુરજિયા વસાવા તા.૧૭/૧૧/૨૦૨૪ના રોજ સવારે પોતાના ખેતરે કામ કરવા ગયો હતો. ત્યાં સાપ કરડી જતાં તેમને ગરૂડેશ્વર સરકારી દવાખાને તેમના ભાઈ અરવિંદ સુરજ્યા વસાવા લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરતાં સારવાર હેઠળ છે.

---

ધારાસભ્ય મોહન કોંકણીના ધર્માંતરણને પ્રોત્સાહન આપતા વિડીયો સંસ્કૃતિ પર કુઠારાઘાત

# ધર્માંતરણ મુદ્દે નિઝરનો આદિવાસી સમાજ લાલચોળ, જન આંદોલન કરવાની ચીમકી

**સંપૂર્ણ** આદિવાસી સમાજે નિઝર મામલતદારને આવેદન આપ્યું, ધર્માંતરણની પ્રવૃત્તિ તાકીદે અટકાવવા માંગ




વ્યારા: તાપી જિલ્લામાં ધર્માંતરણનો મુદ્દો ફરી એકવાર ગરમાયો છે. જિલ્લાનાં મુખ્ય મથક વ્યારામાં બનેલી ઘટનાનાં ઘેરા પ્રત્યાઘાત છેક ૮૦ કિ.મી. દુર નિઝરમાં પડ્યા છે. આદિવાસી વિસ્તારમાં રાજકીય નેતાઓ સત્તાનો લાભ લઈ ધર્માંતરણને પ્રોત્સાહન આપવા બાબતે સંપૂર્ણ આદિવાસી સમાજે નિઝર મામલતદારને આવેદન આપ્યું છે. જેમાં જણાવ્યું છે કે, તાપી જિલ્લો અનાદિકાળથી આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે, જ્યાં સરકારી ચોપડે કોઇ પણ આદિવાસી ખ્રિસ્તી નથી. પરંતુ અમુક રાજકીય નેતાઓ જાહેરમાં ધર્માંતરણને પ્રોત્સાહન આપી રહ્યાનાં વિડિયો વાઇરલ થયા છે, તે ગંભીર બાબત છે.

વધુમાં ઉમેર્યું છે કે, ગરીબ આદિવાસીઓને પ્રલોભનો આપી ધર્માંતરણ કરાવવાનાં વારંવાર પ્રયત્નો થઈ રહ્યા છે. વાઈરલ વિડિયોમાં વ્યારાનાં ધારાસભ્ય મોહનભાઇ કોંકણી જાહેરમાં ધર્માંતરણને પ્રોત્સાહન આપી રહ્યા છે, જેને નિઝર તાલુકાનો સંપૂર્ણ આદિવાસી સમાજ કડક શબ્દોમાં વખોડી કાઢે છે. આદિવાસી સમાજ અને સંસ્કૃતિ પર વિદેશી ફંડીંગ દ્વારા કરાઈ રહેલા આઘાતને સહેવામાં આવશે નહીં. જો તંત્ર આની ગંભીર નોંધ લઈ તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી નહીં કરે તો આગામી સમયમાં મોટુ જન આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

---





# વેલુકમાં બેફામ દોડી આવેલા કારચાલકે મોપેડ-બાઇકસવાર ચારને અડફેટે લીધાં

**અકસ્માતની** ઘટનામાં સારવાર ખર્ચના સમાધાનમાં આરોપીએ હાથ ઊંચા કરી દેતાં પોલીસ ફરિયાદ

સાયણ: ઓલપાડ કાંઠાના વેલુક ગામના રોડ ઉપર ચાર રસ્તા નજીક એક કારચાલકે મોપેડ અને બાઇક ઉપર જઈ રહેલા ચાર સવારને અડફેટે લેતાં સર્જાયેલા અકસ્માતનો મામલો ઓલપાડ પોલીસ સુધી પહોંચ્યો છે.

મૂળ ઓલપાડના કુવાદ ગામના વતની કેયુર રણછોડ પટેલ હાલ સુરત શહેરમાં પાલનપુર કેનાલ રોડ ઉપર શ્રીપદ પેનોરમ એપાર્ટમેન્ટ, બી/૨૦૧માં પરિવાર સાથે રહે છે. તે રાજ વિક્ટોરીયા કોમ્પ્લેક્સ, પાલ-સુરત ખાતે આઇ.ટી. કંપનીની ભાગીદારી પેઢીમાં વેપાર કરે છે. ગત તા.૧૭ના રોજ કેયુર તેની માતા લીલાબેન સાથે મોપેડ મો.સા. નં.(જીજે-૦૫,જીએલ-૫૪૭૮) તથા બીજી મો.સા. નં.(જીજે-૦૫,કેવી-૫૪૯૦) હંકારી તેના કાકા રસિક લાલા પટેલ અને કાકી સપનાબેન સાથે કુવાદ ગામથી નીકળી ફરી સુરત જઈ રહ્યાં હતાં. ચારેય જણા વેલુક ગામના ચાર રસ્તાથી સુરત તરફ જતા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે સાંજે ૬:૪૫ કલાકે સુરત તરફથી પૂરપાટ ઝડપે દોડતી સ્વિફ્ટ ડિઝાયર કાર નં.(જીજે-૦૫,સીયુ-૬૫૫૦)ના ચાલક નીતિન પટેલે કાર રોંગ સાઇડ હંકારી પ્રથમ મોપેડને અડફેટે લીધા બાદ કાકાની બાઇકને અડફેટે લીધી હતી. અકસ્માતની આ ઘટનામાં ચારેય રોડ ઉપર પટકાતાં મોપેડચાલક કેયુર અને માતા લીલાબેનને સાધારણ ઇજા થઈ હતી. પરંતુ કાકી સપનાબેનને બંને પગમાં ગંભીર ઇજા અને કાકાને માથા-શરીરે ગંભીર ઇજા થઈ હતી. જો કે, તે સમયે કારના ચાલક નીતિન પટેલે હોસ્પિટલ સારવારનો ખર્ચ આપવાની કબૂલાત કરતાં ફરિયાદીએ પોલીસ ફરિયાદ આપવાનું ટાળ્યું હતું. બંને ઇજાગ્રસ્ત કાકા-કાકીને સુરત શહેરના પાલનપુર કેનાલ રોડની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાતાં કારચાલક નીતિન પટેલ પણ હોસ્પિટલ સુધી સાથે ગયો હતો. જ્યાં ફરજ પરના તબીબે કાકી સપનાબેનને જમણા પગમાં ફ્રેક્ચર તથા કાકાને માથામાં ઇજા થવાથી આંતરિક હેમરેજ હોવાનું જણાવ્યું હતું. જેથી સારવારના વધુ ખર્ચના કારણે કારચાલકે ખર્ચ આપવાની ના કહી હાથ અધ્ધર કરી દીધા હતા. જેથી સમાધાન ન થતાં ફરિયાદી કેયુર પટેલે સ્વિફ્ટ ડિઝાયર કારના ચાલક નીતિન પટેલ વિરુદ્ધ ગત મંગળવાર, તા.૧૯ના રોજ ઓલપાડ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# સહકારી પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે વડીલોએ સંઘર્ષ કર્યો હતો: ભીખુભાઈ પટેલ

**અનાવલના** વલ્લભ આશ્રમના હોલમાં સુમુલનો મિલ્ક ડે ઉજવાયો



બારડોલી: સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા 71મા અખિલ ભારત સહકાર સત્તાની ઉજવણીમાં આજનો વિષય સહકારી સંસ્થાઓ મંડળીઓ વચ્ચે સહકારનું સુદ્રઢીકરણની ઉજવણી, સુમુલ ડેરી ઉપક્રમે મિલ્ક ડેની ઉજવણી અને કૃભકો દ્વારા ખેડૂત શિબિરનો ત્રિવિધ કાર્યક્રમ જિલ્લા સંઘના અધ્યક્ષ ભીખાભાઈ ઝવેરભાઈ પટેલના પ્રમુખ સ્થાને અનાવલના વલ્લભ આશ્રમના હોલમાં યોજવામાં આવ્યો હતો.

સંમેલનની શરૂઆતમાં સુરત જિલ્લા સહકારી સંઘ સુરત (બારડોલી)ના એક્ઝિક્યુટિવ ઓફિસર ભાવેશભાઈ પટેલે સૌને આવકારી સંમેલનની શરૂઆત કરી સુરત જિલ્લા સહકારી સંઘની કામગીરીનો ચિતાર આપ્યો હતો. સુરત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ ભીખુભાઈએ સહકાર મંત્રાલયના સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમને સ્લોગનને જીવવાનું કામ કરનારો તાલુકો અને સહકારી લાગણી અને સહકારનું કાશી એટલે મહુવા તાલુકો ગણાવી પૂર્વ વડીલો, સહકારી આગેવાનો અને તેમના દ્વારા કરાયેલા સંઘર્ષ, ચળવળ અને સહકારી માળખું ઊભું કરવા આપેલા ભોગને બિરદાવી તેમના પ્રત્યેક કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ઇફકો, કૃભકો, સુડિકો, સુમુલ અને સહકાર મંત્રાલય થકી સહકારી પ્રવૃત્તિ વેગવાન બનાવી આવનારી પેઢીને વારસાથી અવગત કરાવી તેને ટકાવવાની મોટી જવાબદારી આપણી ઉપર છે, તેમ જણાવી ઉપસ્થિત સૌને જવાબદારી નિભાવવા હાંકલ કરી હતી.

ક્રિભકોના દક્ષિણ ગુજરાત એરિયાના મેનેજર ધર્મેશભાઈ નાયકે ક્રિભકો ઉત્પાદન અને રાસાયણિક ખાતરનો સંકલિત રીતે કેવી રીતે વપરાશ કરવો તેની સાથે જૈવિક ખેતી કરવા માટે આહવાન કર્યું હતું. મહુવા તાલુકાના કુલ 1000 જેટલા સહકારી અગ્રણીઓ હાજર રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરત જિલ્લા સહકારી સંઘના સીઈઆઇ વિજયભાઈ ચૌધરીએ કર્યું હતું. આભાર વિધિ સુરત જિલ્લા સહકારી સંઘના એકાઉન્ટ કનુભાઈ ચૌધરીએ કરી હતી.

---

### તાડકૂવામાં ટ્રેક્ટરે બાઇકને અડફેટે લેતાં બાળકનું મોત, એક ઘવાયો

વ્યારા: વ્યારાના તાડકૂવામાં રોંગ સાઇડે જતા ટ્રેક્ટરે બાઇકને અડફેટે લેતાં નવ વર્ષનાં બાળકનું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં બાઇકચાલક ઘવાયો હતો. અકસ્માત કરી ફરાર થયેલા ટ્રેક્ટર ચાલકને પોલીસે ઝડપી પાડ્યો હતો. ટ્રેક્ટરચાલક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

તાડકૂવા ગામની સીમમાંથી પસાર થતા નવાપુર- સુરત ને.હા. નં.૫૩ ઉપર તા.૧૯/૧૧/૨૦૨૪ના રોજ બપોરે ૪ વાગ્યાના અરસામાં ટ્રેક્ટર નં.(GJ 22 A 6819)નો ચાલક પ્રફુલ ફતેસિંગ ગામીત (રહે.,બેડકૂવા નજીક ગામ, પટેલ ફળિયું, તા.વ્યારા)એ પોતાનું ટ્રેક્ટર રોંગ સાઇડે પૂરઝડપે હંકારતાં નવાપુરના ભાવેશભાઈ ભરતભાઇ ગોહેલની હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્રો.મો.સા.નં.(GJ 26 D 8045)ને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં ભાવેશભાઇને માથાના ભાગે તથા ડાબા હાથમાં ગંભીર ઇજા થઈ હતી. બાઇક આગળ બેસેલા દક્ષ જીજ્ઞેશકુમાર સરવૈયા (ઉં.વ.૯) (રહે.,સાંઈધામ સોસાયટી, મ.નં.૬૯, રોયલ રેસિડેન્સીની પાછળ, કામરેજ)ને માથાના ભાગે ગંભીર ઇજા થતાં મોત નીપજ્યું હતું.

---

# બગુમરામાં નજીવી બાબતે મારામારીમાં ધોની સહિત બે ઘાયલ, સામસામે ફરિયાદ

**સોમનાથ** ચેતરજીને હિમાંશુએ ચપ્પુના ઘા ઝીંક્યા, હિમાંશુ સાથે આવેલો ધોની પણ હુમલો કરવાના ચક્કરમાં ચપ્પુથી ઘાયલ થયો

પલસાણા: બગુમરામાં નજીવી બાબતે થયેલા ઝઘડામાં બે યુવકને ચપ્પુથી ઈજા કરતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે બંને યુવકોની સામસામે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બગુમરાની સાંઈવાટિકા સોસાયટીમાં રહેતો સોમનાથ ઓસીમ ચેટરજી (ઉં.વ.21)એ આપેલી ફરિયાદ મુજબ ગત તા.16મીએ પિતાને ફોન કરવા માટે અગાસી પર જતો હતો, ત્યારે સોસાયટીમાં રહેતા હિમાંશુએ તેને રોકી યહાં પર ક્યું આયા, અગર ઉપર જાયેગા તો માર ખાયેગા એમ કહી બોલાચાલી કરી હતી. એ બાદ દેખ લૂંગા એમ કહી હિમાંશુ ત્યાંથી જતો રહ્યો હતો. બીજા દિવસે સાંજે 5.30 વાગ્યે સોસાયટીમાં નીચે જતાં જ હિમાંશુએ સોમનાથને ચપ્પુ મારતાં તેને જમણા પગની જાંઘમાં ઈજા થઈ હતી. દરમિયાન ધોની પાઠક નામનો યુવક પણ તેને મારવા માટે જતાં હિમાંશુના હાથમાંનું ચપ્પુ ધોનીને વાગી ગયું હતું. સોમનાથની ફરિયાદના આધારે પોલીસે ધોની અને હિમાંશુ વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. સામે પક્ષે ધોની રાજબિહારી પાઠક (રહે., તાતીથૈયા, ધારા પેલેસ, તા.પલસાણા, જિ.સુરત)એ આપેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર સોમનાથે તેને કપાળમાં પંચ મારી દીધો હતો. દરમિયાન દીવ પાટીલ નામના છોકરાના હાથમાં રહેલું ચાકુ ધોનીના ડાબા ખભામાં અને છાતીમાં વાગતાં ગંભીર ઈજા થઈ હતી. પોલીસે ધોનીની ફરિયાદના આધારે સોમનાથ, ધીરજ અને દીવ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

---

### સાદડવેલ ખાતે વેબસાઈટની મોંકાણે માત્ર 10 ખેડૂતનું ફાર્મર રજિસ્ટ્રેશન



વ્યારા: સોનગઢ તાલુકાના ખેતી વિભાગ દ્વારા આજે સાદડવેલ ગ્રામ પંચાયત ખાતે ૧૯ ગામનાં ખેડૂતો માટે એગ્રીસ્ટેકમાં ફાર્મર રજિસ્ટ્રેશનની કામગીરી માટે કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં વેબસાઇટ નહીં ચાલતાં સાદડવેલ, મેઢા, એકવા ગોલણ, નાનાતારપાડા, ઓઝર, ભરાડદા, કણજી, દોણ, ખોખસા, હિરાવાડી, મેઢસીંગી, હિંદલા, ખડી, શ્રાવણીયા, લવચાલી, કાંટી, કાલઘર, જામખડી, ગોપાલપુરાનાં 30થી વધુ ખેડૂતો અટવાયા હતા. આખો દિવસ માત્ર ૧૦ જેટલા ખેડૂતોનું ફાર્મર રજીસ્ટ્રેશન થયા હતા.

---

# વાંકાનેર છાત્રાલયમાંથી ગુમ વિદ્યાર્થિની સુરતથી મળી

**છાત્રાલયમાં** રહીને ભણવાનું ગમતું ન હોવાથી સંબંધીને ત્યાં જતી રહી હતી

**પોલીસે** ગણતરીના કલાકોમાં તરુણીને શોધી પરિવારને સોંપી

બારડોલી: વાંકાનેર ગામે છાત્રાલયમાં રહેતી વિદ્યાર્થિનીને છાત્રાલયમાં રહીને ભણવાનું ગમતું ન હોય સોમવારના રોજ શાળાએ જવા નીકળ્યા બાદ તે ગુમ થઈ ગઈ હતી. જે અંગે નોંધાયેલી અપહરણની ફરિયાદ બાદ બારડોલી ગ્રામ્ય પોલીસની ટીમે વિદ્યાર્થિનીને શોધી કાઢી પરિવારને સોંપી હતી.

સુરત શહેરની 15 વર્ષની તરૂણી બારડોલીના વાંકાનેર ગામે આવેલા છાત્રાલયમાં રહીને ધો.10માં અભ્યાસ કરતી હતી. સોમવારના રોજ વિદ્યાર્થિની સવારે 10 વાગ્યે શાળાએ જવા નીકળી હતી. સાંજે 5.30 વાગ્યે શાળા છૂટવાના સમયે પણ તે છાત્રાલય પરત ન પહોંચતા ગૃહમાતાએ શોધખોળ કરી હતી પરંતુ કોઈ ભાળ ન મળતાં અંતે બારડોલી ગ્રામ્ય પોલીસની ટીમને જાણ કરી હતી. 15 વર્ષની તરૂણી ગુમ થતાં જ બારડોલી ગ્રામ્ય પોલીસની ટીમ પણ તુરંત એક્શનમાં આવી હતી અને અપહરણની ફરિયાદ નોંધી તપાસ આદરી હતી. તેણી ચિઠ્ઠી લખીને ગઈ હતી. જેમાં તે તેની માતાને સંબોધીને છાત્રાલયમાં રહીને ભણવાનું ગમતું નથી, હું કંટાળી ગઈ છું, મને શોધતા નહીં એવું લખી જતી રહી હતી. બારડોલી ગ્રામ્ય પી.આઈ. પી.એન.જાડેજાએ વિદ્યાર્થીનીને શોધવા માટે અલગ અલગ ટીમ બનાવી હતી અને ટેક્નિકલ દિશામાં વર્કઆઉટ શરૂ કર્યું હતું. છાત્રાલય અને શાળાના સીસીટીવી ચેક કરતાં તેણી શાળાના કમ્પાઉન્ડમાંથી બહાર નીકળતી નજરે પડે છે. ત્યારબાદ તે દિશાને આધારે તપાસ કરતાં બારડોલીના લિનિયર બસ સ્ટેન્ડના કેમેરામાં તે સુરતની બસમાં બેસતી જોવા મળે છે. પોલીસે સીસીટીવીના આધારે તપાસ આદરતા સુરતમાં તેના સંબંધીને ત્યાંથી તરૂણી હેમખેમ મળી આવી હતી. પોલીસે તરૂણીનો કબ્જો તેના પરિવારજનોને સોંપ્યો હતો.

---

# અમરેલીમાં ડમી પોલીસ બની ફરતો ઉચ્છલના ચિત્તપુરનો યુવક ઝડપાયો

**અસલી** પોલીસ સાથે ભેટો થઈ જતાં ઉમેશ વસાવાનો ભાંડો ફૂટી ગયો

**ગુજરાત** પોલીસના લોગો સાથેનો યુનિફોર્મ પહેરી રોફ જમાવતો હતો



વ્યારા: ગુજરાતમાં નકલી કચેરીથી લઈ છેક નકલી જજ સુધીનો સિલસિલો યથાવત રહ્યો છે. હાલ નકલી કર્મચારીનો રેલો છેક તાપી જિલ્લા સુધી આવ્યો છે. જિલ્લાના મુખ્ય મથક વ્યારામાં રહેતો મૂળ ઉચ્છલના ચિત્તપુરના યુવકને ડમી પોલીસ બની ફરતાં છેક અમરેલીમાંથી ઝડપી પાડ્યો છે. આ યુવક અમરેલીમાં નકલી પોલીસ હેડ કોન્સ્ટેબલ બનીને ફરતો હતો. જો કે, અસલી પોલીસ સાથે ભેટો થઈ જતાં તેનો ભાંડો ફૂટી ગયો હતો. પોલીસના યુનિફોર્મમાં ફરતા ઉચ્છલના આ શખ્સને અમરેલીની એલસીબીએ ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જો કે, સ્થાનિક આદિવાસીઓ આવા બહુરૂપિયાનો રોલ ભજવતા જોવા મળતા નથી. અહીંના યુવાનોએ નકલી પોલીસનો રોલ ભજવી કોઈની સાથે છેતરપિંડી કે અન્ય કોઈ રીતે પોલીસના સ્વાંગમાં ઠગતા હોય તેવો પણ કિસ્સો સામે આવ્યો નથી. ત્યારે છેક અમરેલીમાં ડમી પોલીસની પ્રેરણા આ યુવકને મળી ક્યાંથી? પંથકમાં એક ચર્ચાનો વિષય બન્યો છે. ગુજરાત પોલીસના લોગો સાથેનો યુનિફોર્મ પહેરી પોતાને પોલીસ હોવાનું જણાવી રોફ જમાવતો હોવાનું તપાસમાં ખૂલ્યું છે.

અમરેલી એલસીબીની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે આ આદિવાસી યુવકને બસ સ્ટેન્ડ પાસેથી પોલીસના યુનિફોર્મમાં શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા ઝડપી પાડ્યો હતો. બસ સ્ટેન્ડ પાસેના પેટ્રોલ પંપ પાસે આ શખ્સ પોલીસના યુનિફોર્મમાં ઊભો હતો. તેની પૂછપરછ કરતાં પોતાનું નામ ઉમેશ રાહુલ વસાવા (ઉં.વ.૩૧)(રહે., ચિત્તપુર, ટાંકી ફળિયું, તા.ઉચ્છલ, હાલ રહે., નવા ડેપો વિસ્તાર, મકાન નં.૧૧, તા.વ્યારા) હોવાનું જણાવ્યું હતું. આ શખ્સને પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવા બાબતે પૂછતાં ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. પોતાના બક્કલ નંબર સહિતની વિગતમાં પણ સંતોષકારક જવાબ ન આપતાં અમરોલી એલસીબીએ આઈકાર્ડ માંગ્યો હતો. એ પણ ન હોવાથી પોલીસને શંકા જતાં વધુ તપાસમાં નકલી પોલીસ હોવાનું ખૂલ્યું હતું. આ અંગે એલસીબીના હેડ કોન્સ્ટેબલની ફરિયાદ પરથી અમરેલી સિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# બગુમરાથી કાર ચોરી કરનારા બે ઝડપાયા, એક વોન્ટેડ

**કાર,** બે મોબાઇલ મળી રૂ.2.95 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

પલસાણા: પલસાણાના બગુમરામાંથી ચોરી થયેલી ઈકો કાર સાથે બે આરોપીને પલસાણા પોલીસે કરણ ગામના પાટિયા પાસેથી ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી કુલ રૂ.2.95 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પલસાણાના બગુમરામાં ગત તા.6 નવેમ્બરે રાત્રે કરણ સંપત ગાયકવાડ (રહે., ઘનશ્યામ રેસિડેન્સી, બગુમરા, મૂળ રહે., મેડસી, તા.જિ.અકોલા, મહારાષ્ટ્ર)એ ઘર આંગણામાં પાર્ક કરેલી મારુતિ સુઝુકી ઈકો કાર અજાણ્યા ઈસમો ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન મંગળવારો પલસાણા પોલીસ પેટ્રોલિંગમાં હતી. એ સમયે બાતમી મળી હતી કે, ગંગાધરાથી ચોરી થયેલી કારને વેચવા માટે યુસુફ અનવર ઘંટીવાળા નામનો ઈસમ



ઈલ્યાસ શેખ

કરણ પાટિયા પાસે આવનાર છે. આ બાતમીના આધારે પોલીસે કરણ પાટિયા પાસેથી યુસુફ અનવર ઘંટીવાળા (રહે., નીલકંઠ ઈન્ટરનેશનલ સ્કૂલની પાછળ, હોમ રેસિડેન્સી, હલધરુ, તા.કામરેજ, મૂળ રહે., વાંકાનેર, તા.બારડોલી) અને રોહિત ઉર્ફે રાજા કૈલાસ પાંડે (રહે., સિદ્ધિ રેસિડેન્સી, સાયણ, તા.ઓલપાડ, જિ.સૌરત, મૂળ રહે.,(ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી હતી.

પોલીસે આ ગુનામાં મનીષ ભૂપેન્દ્ર પારેખ (રહે.,શિવસર્જન સોસાયટી, હલધરુ, તા.કામરેજ)ને વોન્ટેડ જાહેર કર્યો હતો. પકડાયેલા શખ્સો પાસેથી પોલીસે એક ઈકો કાર કિં.રૂ.2.85 લાખ અને બે મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર મળી કુલ 2.95 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

---

# તાડકૂવામાં હોમ લોન ચૂકવવાના તણાવમાં યુવાને આપઘાત કર્યો

વ્યારા: વ્યારાનાં તાડકૂવા ગામે પ્રજાપતિ નગરમાં રહેતા યુવાને બેંકમાં હોમ લોનનાં નાણાં બાકી હોય ટેન્શનમાં આવી પોતે આત્મહત્યા કરી હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. વ્યારાના પરિશ્રમ પાર્ક સોસાયટીમાં રહેતા સંજયભાઈ રાજેશ્વરભાઈ મિશ્રા (ઉં.વ.૪૮) (મૂળ રહે., કુંવરપટ્ટી, મેજારોડ, જિ. પ્રયાગરાજ, ઉત્તર પ્રદેશ)એ એસબીઆઇ બેંકમાંથી ૪૦ લાખ જેટલી હોમ લોન લીધી હતી. જેમાંથી રૂ.૨૬ લાખ જેટલા ભરવાના બાકી હોય જેનાં ટેન્શનમાં આવી તાડકૂવામાં રાજસ્થાન માર્બલ સામે તા.૧૯/૧૧/૨૦૨૪નાં રોજ બપોરના અરસામાં સંજયભાઈ મિશ્રાએ જીઈબીના સામાન રાખવાનાં ગોડાઉનમાં ઈલેક્ટ્રિક થાંભલા ઉભા કરવાનાં હાઈડ્રોલિક ટ્રેક્ટર સાથે સામાન ઊંચકવાના બેલ્ટનો છેડો હાઈડ્રોલિક સાથે બાંધી બીજો છેડો પોતાના ગળામાં બાંધી આત્મહત્યા કરી લીધી હતી.

---

# રાણીપુરા પાસે સિલિકા પ્લાન્ટે ખાડીમાં પ્રદૂષિત પાણી છોડતાં GPCBની નોટિસ

ઝઘડિયા: ઝઘડિયા તાલુકામાં આડેધડ રેતીખનન પ્રવૃત્તિ સામે અનેકવાર વિવાદ થયો છે, જેમાં ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાએ પણ કથિત ગેરકાયદે રેતીમાફિયાઓ સામે વારંવાર રજૂઆતો કરી છે. સાથે તાલુકામાં રેતીખનન સહિત સિલિકાનો વ્યવસાય પણ મોટા પ્રમાણમાં વ્યવસાય ચાલી રહ્યો છે. જેને લઈને કેટલાક સિલિકા પ્લાન્ટના સંચાલકો તેમના પ્લાન્ટમાંનું પ્રદૂષિત પાણી સરેઆમ ખાડીમાં છોડી રહ્યા છે.

મંગળવારે રાણીપુરા પાસે શિવ એન્ટરપ્રાઈઝ (મિનરલ્સ) દ્વારા નજીકની ખાડીમાં પ્રદૂષિત પાણી છોડાયું હોવાની ઘટના સામે આવતાં અંકલેશ્વર GPCB અધિકારીએ સ્થળ તપાસ કરી આ મુદ્દે સિલિકા પ્લાન્ટને નોટિસ ફટકારતાં ફફડાટ ફેલાઈ ગયો હતો. અંકલેશ્વર GPCBના અધિકારી વિજય રાખોલિયાનો ટેલિફોનીક સંપર્ક કરતાં તેમણે આ મુદ્દે સમર્થન આપી નોટિસ ફટકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખાડીના પાણી સાથે પ્રદૂષિત પાણીને કારણે મૂંગાં જાનવર મોતના મુખમાં ધકેલાય છે. ત્યારે આવાં તત્ત્વો સામે કાર્યવાહીની માંગ ઊઠી છે.